# ઉત્તરરામચરિત અને મહાવીરચરિત  નાટકમાં ભવભૂતિની મૌલિકતા

ડો.ભરતભાઈ મોતીભાઈ પટેલ
ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ડીસા
મુ.પો.તા-ડીસા, જિલ્લો-બનાસકાંઠા
પિન-નં-385535
મો-નં-9426828157

## પ્રસ્તાવના

રામસીતાના જીવનની આ અતિ પ્રચલિત કથા રામાયણના ઉત્તરકાંડમાં આવે છે .રામના ઉત્તરજીવનની આ કથા અને ભવભૂતિએ લીધેલ કથા મહદંશે સમાન છે .છતાં રામાયણની કથા કરુણાંતિક છે અને તેમાં સીતા વનવાસ દરમ્યાન વાલ્મીકિના આશ્રમમાં વસે છે .આ બે નોંધપાત્ર હકીકતો ઉપરાંત રામના ઉત્તરજીવન એટલે કે રામના રાજયાભિષેક પછીની કથા અને ભવભૂતિના નાટકોની કથામાં મોટા ભાગે સમાનતા છે.

## ઉત્તરરામચરિત નાટકમાં ભવભૂતિની મૌલિકતા

1) પ્રથમ અંકમાં આવતો આલેખ્યદર્શનનો અમર પ્રસંગ ભવભૂતિની પોતાની કલ્પનાનું સર્જન છે. સ્વયં અત્યંત હ્રદય સ્પર્શી

આ પ્રસંગ નીચે મુજબ વિશેષતાઓ પ્રગટ કરે છે.

A. નાટકને અતિ સ્વાભાવિક અને ચોટદાર આરંભ આપે છે.
B. જે પ્રસંગો બનાવવા છે તેની ભૂમિકા તૈયાર કરે છે.
C. અગ્નિપરીક્ષાથી સીતાના હ્રદયમાં લાગેલા ડંખનો નિર્દેશ કરે છે.
D. નાટકના નાયક -નાયિકાની પરસ્પર પ્રીતિ અને ખાસ રામના સીતાને પ્રસન્ન કરવાનાં તત્પરતા અને પ્રયત્નને વર્ણવે છે.

2 ) આર્યા વાસન્તીનું પાત્ર તથા દ્વિતીય અંકના પ્રારંભનો પ્રસંગ પણ ભવભૂતિની કલ્પનામાંથી પરિણમે છે.

3) શમ્બૂકવૃત્તાન્ત અને તેમાં શમ્બૂકના પાત્રનું કરવામાં આવેલું ગૌરવગાન ભવભૂતિનું સર્જન  છે.

4) રામ સીતાનો ત્યાગ કરે છે ત્યારે રામાયણમાં તો રામની માતાઓ અયોધ્યામાં હાજર છે .રામના જીવનની કરુણતાને વધારે

ઘેરી બનાવવા માટે તથા તેના સીતા પ્રત્યેના પ્રેમની વિશેષ આકરી કસોટી કરવા માટે ભવભૂતિ તેમને જામાતૃના યજ્ઞમાં

મોકલી દે છે.

5) સીતાના જીવનની કરુણતામાં વધારે કરૂણ બનાવવા માટે તેને ભવભૂતિએ બિલકુલ અદ્રશ્ય કરી દીધી છે. એટલુજ નહીં

પરંતુ તેને તેના બે પુત્રોથી વિખૂટી પાડીને તો હદ જ કરી દીધી છે.

6) ત્રીજા અંકનો પ્રસંગ તેની પૂરી કરુણતા સાથે કવિનું પોતાનું સર્જન છે. સીતાના મનનું જે અદભૂત રીતે તેમાં સમાધાન

કરવામાં આવ્યું છે તે ભવભૂતિની જ મૌલિકતા છે.

7) પાંચમા અંકનો યુધ્દ્નો પ્રસંગ અને તે વર્ણવવાની રીત બંને મૂળ કરતાં જુદા છે અને નાટકની નાટ્યાત્મકતા તથા અન્ય

જરૂરીયાતને અનુલક્ષીને યોજાયેલ છે.

8) ગર્ભ નાટકનો પ્રસંગ પણ મૂળમાં નથી અને ગર્ભ નાટકના અંતે રામ સીતાનું પુનર્મિલન યોજાય છે તે મૂળ કરતાં જુદું છે.

9) પદ્મપુરાણમાં વાલ્મીકિ દિવ્ય જૃંભક શસ્ત્રોનું જ્ઞાન લવકુશને આપે છે .આ નાટકમાં એ શસ્ત્રો રામની પોતાની આશિષથી

તેમને આજન્મ સિધ્દ્ છે.

10) પદ્મપુરાણમાં અશ્વના સસૈન્ય રક્ષકનું નામ લક્ષ્મણનો પુત્ર પુષ્કલ છે.આ નાટકમાં તેનુ નામ ચંદ્રકેતુ છે.

11) યુધ્દ્ પહેલાનું ચંદ્રકેતુ તથા લવનું પરસ્પર ખેંચાણ , તેની પાછળની માનસિક ભૂમિકા વગેરેની કલ્પના કવિની પોતાની જ

છે.

12) યુધ્દ્ની હારજીતની વિગતો પદ્મપુરાણ કરતાં અહીં જુદી છે.

13) પદ્મપુરાણમાં સૈન્ય કુશના લડવાથી પરાજીત થાય છે અને સીતા પોતે પતિના યજ્ઞના સાફલ્યને માટે વચ્ચે પડીને

અશ્વમેધના અશ્વને છોડાવે છે.આ નાટકમાં આ આવાસ્તવિક તત્વને છોડી દેવામાં આવ્યું છે.

14) વાલ્મીકિના કહેવાથી પદ્મપુરાણમાં રામ સીતાનો સ્વીકાર કરે છે ; અહિ નાટકમાં વાલ્મીકિએ પ્રેરેલી પ્રજાની આજ્ઞાથી

સ્વીકારે છે.

## પરિવર્તનો પાછળ કવિનો ઉદ્દેશ

કવિ સંસ્કૃત નાટકની પરંપરામાં નૂતન પ્રસ્થાન કરી કરુણ રસ પ્રધાન નાટક લખવા માગે છે.આ માટે રામ સીતાના જીવનમાં યોગ્ય ભૂમિકા મળી રહે છે અને જે રીતે પ્રાત :સ્મરણીય આ દંપતીએ જીવનમાં દુ:ખ વેઠ્યું છે. તે જોતાં આ દંપતીએ મા ભારતીની આંખોનું એક આસું કહી શકાય તેવું છે.પરસ્પર ઉચ્ચતમ પ્રીતિ સહિત ,પરસ્પર સુખી કરવાની તમન્ના સાથે ,રામ અને સીતાએ જીવનના મોટા ભાગનાં વર્ષો દરમ્યાન વિરહવ્યથા ,આસું, વેદના , તલસાટ આદિનો જ અનુભવ કર્યો છે .મહર્ષિ વાલ્મીકિએ રામના જીવનમાં એક અશક્ય પરિસ્થિતિ મુકી છે . જે માંથી દુ;ખ અને કરુણતા જ ઉદ્ભવે છે. એ વાત સિધ્ધ કરવાનો કવિનો પ્રયત્ન છે અને તેથી કવિએ આ હકીકત ધ્યાનમાં રાખીને જ મૂળ કથામાં પરિવર્તન કર્યાં છે.

A-ત્રીજા અંકનું સંયોજન

B-સીતાની સખી વાસંતીનું પાત્ર અને તેનો રામ સાથેનો વાર્તાલાપ

C-વ્યથિત રાજા જનક, પૃથ્વી, ગંગા વગેરે પાત્રોની રામ વિષેની ચર્ચા

D-કવિએ સતત રામના પાત્રનો બચાવ કરવાનો કરેલો પ્રયત્ન

E-સીતાના ત્યાગ પછીના વર્ષોના જીવનની તેને કરેલી યોજના

F-ગર્ભ નાટકનો પ્રસંગ

ભવભૂતિ આદર્શવાદી અને નિરાશાવાદી છે .આ આદર્શવાદ અને નિરાશાવાદની પ્રેરણા તળે મૂળ કથામાં કરેલા ફેરફારો વિશેષ ઉચિત લાગે છે.વાલ્મીકિના રામ માટેના રાજા તરીકેના આદર્શોનો અતિરેક કરીને એક નવી ઉચ્ચતર ભૂમિકા કવિ રચે છે અને તદનુસારી ફેરફારો આ કૃતિની મૂળ કથામાં કવિએ પરિવર્તનો કર્યાં છે.

## મહાવીરચરિતમાં ભવભૂતિની મૌલિકતા

મહાવીરચરિતમાં ભવભૂતિએ પ્રસિધ્ધ રામકથામાં ઘણા પરિવર્તનો કર્યાં છે.

(1) રામની સાથે સીતાના વિવાહનો વૃત્તાંત સાંભળીને રાવણનો મંત્રી માલ્યવાન ચિંતિત થાય છે.તે રામ દ્વારા શિવધનુષ ભાગ્યાના સમાચાર પરશુરામને આપે છે. આ સમાચાર પરશુરામ સાંભળતા ગુસ્સે થઈને રામનો વધ કરવા મિથિલામાં આવે છે .પ્રચલિત રામચરિતમા રાક્ષસો દ્વારા પરશુરામને ઉત્તેજીત કર્યાનું વિવરણ મળતું નથી.આ ભવભૂતિની કલ્પનાનો પ્રસાદ છે.

(2)રામના વનાભિગમનનો આખો પ્રસંગ ભવભૂતિની મૌલિક ઉદ્ભવના છે .માલ્યવાન દ્વારા શૂર્પણખા ને મંથરાના રૂપમાં મિથિલા મોકલવી અને રામને વનવાસ પ્રાપ્ત થાય છે . પ્રચલિત રામચરિત અનુસાર રામને મિથિલા પાછા આવવું અને રામના રાજ્યાભિષેકની તૈયારીના અવસર પર કૈકેયી દ્વારા રામને ચૌદ વર્ષ વનવાસ અને ભરતને રાજગાદીની માગણી કરાય છે . પરંતુ મહાવીરચરિતમા આ ઘટના અયોધ્યામાં નહીં પરંતુ મિથિલામાં બને છે અને ત્યાંથી રામ , લક્ષ્મણ અને સીતા વનમાં જવા પ્રસ્થાન કરે છે. બીજીવાત આ નાટકમાં એ છે કે કૈકેયી રામનો વનવાસ માગતી નથી પરંતુ શૂર્પણખાની માયાથી ઘટિત થાય છે.

(3) વાલી અને રામના યુદ્ધના વિષયમાં પણ કવિએ ઘણા પરિવર્તનો કર્યા છે.વાલ્મીકિ રામાયણમાં વાલી રાવણનો સહાયક નહી પરંતુ સુગ્રીવનો શત્રુ છે . સુગ્રીવ સાથેની મિત્રતાના કારણે તેને છેતરીને મારે છે.પરંતુ આ નાટકમાં વાલી રાવણનો સહાયક છે તેવું ચિત્રણ કર્યું છે અને માલ્યવાન થી પ્રેરીત થઈને રામની સાથે લડવા આવે છે. પ્રત્યક્ષ વાલી રામ સાથે યુદ્ધમાં માર્યો જાય છે.

મુખ્યત: વાલ્મીકિ રામાયણ અને મહાવીરચરિતમાં ઉપરોક્ત બતાવ્યા મુજબનું પરિવર્તન છે .પરંતુ આ પરિવર્તન એવું છે કે જોનાર કે વાંચનારની બંધાયેલી મૂળ ભાવનાઓને ઠેસ પહોંચાડે છે અને ભવભૂતિ ઉપર ખીજ ઊભી કરે છે . બાકીની કથા વાલ્મીકિ રામાયણ મુજબ છે . જેના પ્રત્યે ભવભૂતિએ નાટકના પ્રારંભે પોતાની શ્રધ્ધા પ્રગટ કરી છે.

## પરિવર્તનો પાછળ કવિનો ઉદ્દેશ

અહીયાં પ્રશ્ન એ ઊભો થાય છે કે રામાખ્યાનમાં આટલું મોટુ પરિવર્તન કેમ કર્યું ? એવું તે કયું કારણ હતું કે ભવભૂતિને આ પરિવર્તન માટે પ્રેરિત કર્યા ? એમાં સૌથી મોટું કારણ છે પાત્રોના ચરિત્રમાં ઉત્કર્ષ . કૈકેયીના માટે આજ અનુચિત હતું કે તેમના પ્રિય પુત્ર રામ જે પ્રજા અને પોતાને પ્રિય હતા .રામને વનમાં મોકલીને પોતાના પતિનું બલિદાન આપવું પડે તે ભવભૂતિ માટે સહ્ય ન હતું અને ચરિત્રનાયકની વિમાતા આવું કુકૃત્ય કરે તે કવિ માટે અસહ્ય હતું. તેથી આ રામના વનવાસનો પ્રસંગ શૂર્પણખા દ્વારા સંપન્ન કરાવે

છે અને એ પણ એટલે દૂર કરાવે છે કે કૈકેયીને ખબર પણ ન પડે . એ સ્પષ્ટ છે કે કવી એ આ કુકાંડ ની છાયામાંથી કૈકેયીને બચાવી લીધી છે. આજ રીતે વાલી વધ પ્રસંગ પણ રામ માટે કલંક રૂપ પ્રસંગ હતો . રામ જેવા મર્યાદા પુરષોત્તમ વ્યક્તિ માટે તેઓ વાલીની છુપાઈની મારે તે ઉચિત ન હતું. ભવભૂતિને આ અયોગ્ય લાગ્યું હશે તેથી વાલીને રાવણનો મિત્ર અને રાવણના હિત માટે યુધ્ધ કરતો બતાવ્યો છે . વાલીને સંમુખ યુધ્ધ કરતો બતાવ્યો છે.

ચારિત્ર ઉત્કર્ષની સાથે સાથે આ નાટકમાં મનોવૈજ્ઞાનિક મહત્વ પણ રહેલું છે .મિથિલાથી ખૂબ દૂર દક્ષિણે આવેલા મહેન્દ્રગીરી ઉપર રહેવા વાળા પરશુરામનું તાત્કાલિક મિથિલા પહોચવું અવાસ્તવિક લાગે છે.એટલા માટે કવિએ આ યોજના બનાવી છે કે માલ્યવાન જઈને પરશુરામને ઉત્તેજીત કર્યા અને રામ ઉપર આક્રમણ કરવા માટે મોકલે છે . આ પ્રકારે પરશુરામનું ત્યાં પહોચવું સ્વાભાવિક લાગે છે.મિથિલામાં જનક, દશરથ, વિશ્વામિત્ર વગેરેનું પરશુરામ પ્રત્યે ઉત્તેજીત થવું યથાર્થ સ્થિતિમાં અનુકૂળ છે. વાલીનું રામના સન્મુખ યુધ્ધમાં મરી જવું પણ મનોવૈજ્ઞાનિક ઢબે આલેખન છે.

## **<u>સંદર્ભ પુસ્તક અને પાદ ટીપ</u>**

(1) ઉત્તરરામચરિત –અખિલ હિન્દ પ્રકાશન / પૃષ્ઠ-48,49,50,51

(2) મહાકવિ ભવભૂતિ-ડો.ગંગા સાગર રાય-ચૌખમ્બા પ્રકાશન / પૃષ્ઠ-44,45,46

(3) ભવભૂતિ- ડો.વિજય પંડ્યા- પાર્શ્વ પ્રકાશન / પૃષ્ઠ -19,21

ડો.ભરતભાઈ મોતીભાઈ પટેલ

ડી.એન.પી.આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ ડીસા

મુ.પો.તા-ડીસા, જિલ્લો-બનાસકાંઠા

પિન-નં-385535

મોનં-9426828157